# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-10-2024** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, આવનારા ચાર મહિનામાં નાગરિક સંરક્ષણ અને ગૃહરક્ષક કાયદામાં નવા પરિવર્તન કરાશે.
2. કેન્દ્રીય ગૃહમંત્રીએ ન્યાયિક દખલગીરીના અવકાશને ઘટાડવા કાયદાના મુસદ્દામાં કાયદાકીય સ્પષ્ટતાના મહત્વ પર ભાર મૂક્યો
3. રાષ્ટ્રપતિના હસ્તે ગુજરાતને શ્રેષ્ઠ જળ વ્યવસ્થાપન શ્રેણીમાં ત્રીજા ક્રમાંકનો પુરસ્કાર એનાયત કરાયો
4. ટપાલ વિભાગ દ્વારા રાષ્ટ્રીય સ્તરની 'ઢાઈ આખર' પત્રલેખન સ્પર્ધા યોજાશે.
5. ભાવનગરના દિવ્યાંગ ખેલાડીએ મુંબઈમાં એશિયન પેરા- આર્મ રેસલિંગ કપમાં રજત ચંદ્રક જીત્યો

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## AMIT SHAH HOME GUARD SAMMELAN

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, 'આવનારા ચાર મહિનામાં નાગરિક સંરક્ષણ અને ગૃહરક્ષક કાયદામાં નવા પરિવર્તન કરાશે.' ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે 14મા અખિલ ભારતીય ગૃહરક્ષક અને નાગરિક સલામતી સંમેલનને સંબોધતા શ્રી શાહે કહ્યું કે, 'વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ સેવાને નાગરિક સંરક્ષણ અને ગૃહરક્ષકના માધ્યમથી ચરિતાર્થ કરીશું.'

(બાઈટ – અમિત શાહ – કેન્દ્રીય ગૃહમંત્રી, હોમગાર્ડ)

ઉપરાંત શ્રી શાહ ગાંધીનગરમાં કડી સર્વ વિદ્યાલય પરિસર ખાતે યોજાયેલા નમો લક્ષ્મી અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ એનાયત કરી હતી. તેમજ ગાંધીનગર મહાનગરના કાર્યાલય શ્રી કમલમ્ નો પણ શિલાન્યાસ કર્યો હતો.

-----------------------------------

## AMIT SHAH GUJARAT VIDHANSABHA

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ન્યાયિક દખલગીરીના અવકાશને ઘટાડવા માટે કાયદાના મુસદ્દામાં કાયદાકીય સ્પષ્ટતાના મહત્વ પર ભાર મૂક્યો હતો. ગાંધીનગરમાં કાયદા મુસદ્દા તાલીમ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના ધારાસભ્યોને સંબોધતા શ્રી શાહે કહ્યું હતું કે, 'સ્પષ્ટ અને દોષરહિત કાયદો અમલીકરણમાં તો મદદ કરે જ છે, પરંતુ લોકશાહી વ્યવસ્થામાં પરિવર્તન લાવવામાં પણ મદદ કરે છે.'

શ્રી શાહે ગૃહના સભ્યોને ભાવિ કાયદાની સ્પષ્ટતા, તર્ક અને વ્યવહારિકતા વધારવા કાયદાકીય મુસદ્દાની તાલીમ લેવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી પણ ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાન શ્રી શાહે ત્રણ નવા ફોજદારી કાયદા અંગે પણ માહિતી આપી હતી.

**(બાઈટ – અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી, વિધાનસભા)**

----------------------------------

## AMIT SHAH NDDB

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું કે આગામી પાંચ વર્ષમાં દેશના તમામ આઠ કરોડ પશુપાલકોને સહકારી વ્યવસ્થા સાથે જોડવામાં આવશે.

આણંદમાં રાષ્ટ્રીય ડેરી વિકાસ બૉર્ડ – NDDBની હીરક જયંતી અને અમૂલના સ્થાપક ત્રિભુવનદાસ પટેલની 121મી જન્મજયંતિ સમારોહને સંબોધતા શ્રી શાહે આ મુજબ જણાવ્યું હતું. શ્વેતક્રાંતિ 2.0 હેઠળ દેશમાં વધુ એક લાખ નવી ડેરીની રચના કરાશે. સહકાર મંત્રાલય દ્વારા દેશમાં ખેડૂતોને શુદ્ધ બીજ, પ્રાકૃતિક ખેતપેદાશોનું વૈશ્વિક બ્રાન્ડીંગ અને વિશ્વ બજારમાં ખેડૂતોના ઉત્પાદનોનું નિકાસ કરવા નિકાસ મંડળી બનાવવા જેવી વ્યૂહાત્મક કામગીરી થઈ રહી છે.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું કે, ‘દેશના ગ્રામીણ પરિવારો પૈકી માત્ર દોઢ કરોડ પરિવાર જ સહકારી ક્ષેત્રે જોડાયા છે. બાકીના 6 કરોડ 50 લાખ પરિવારોને સહકારી ક્ષેત્ર સાથે જોડવા સમગ્ર દેશમાં નવી 2 લાખ સહકારી મંડળીઓ બનાવવામાં આવી રહી છે.’

શ્રી શાહે ટી. કે. પટેલ દર્શકખંડ ખાતે NDDBના કાર્યાલયની નવી ઈમારત, વડોદરાના ઈટોલામાં મધર ડેરીનો ફ્રૂટ એન્ડ વેજિટેબલ પ્રક્રિયા પ્લાન્ટ અને નરેલામાં I.D.M.C. લિમિટેડના પૉલિફિલ્મ પ્લાન્ટના ખાતમુહૂર્ત સાથે મધર ડેરીના ગીર ઘી અને ઉત્તરાખંડ સહકારી ડેરી મહામંડળના બદ્રી ઘીનો આરંભ કરાવ્યો હતો. શ્રી શાહે ખેડૂતલક્ષી જન યોજનાઓના લાભોના ચેકનું પણ વિતરણ કર્યું હતું.

.................

## JAL SHAKTI AWARD

ગુજરાતે શ્રેષ્ઠ જળ વ્યવસ્થાપન શ્રેણીમાં દેશમાં ત્રીજું સ્થાન મેળવ્યું છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય જળ પુરસ્કાર એનાયત કર્યા હતા. જેમાં ગુજરાત અને પુડુચેરીને જળ વ્યવસ્થાપન ક્ષેત્રે ઉત્તમ કામગીરી બદલ સંયુક્તરૂપે ત્રીજું સ્થાન પ્રાપ્ત કરવા બદલ પુરસ્કાર આપવામાં આવ્યો છે.

આ એવાર્ડ માટે કેન્દ્રીય જળ આયોગ અને ભૂજળ બોર્ડ દ્વારા સૂચિત મૂલ્યાંકન અને ચકાસણી બાદ રાજ્યોની શ્રેણીમાં ઓડિશાને પ્રથમ, ઉત્તરપ્રદેશને બીજું તેમજ ગુજરાત અને પુડુચેરીને ત્રીજું સ્થાન મળ્યું છે.

કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટિલની ઉપસ્થિતિમાં ગુજરાત સરકારના જળ સંપત્તિ વિભાગના સચિવ પી. સી. વ્યાસ એ આ એવાર્ડ સ્વીકાર્યો હતો.

ઉલ્લેખનીય છે કે ,ગુજરાતે જળ વ્યવસ્થાપન ક્ષેત્રે અનેકવિધ નવીન સફળ પ્રકલ્પો હાથ ધર્યા છે. જેમાં સુજલામ- સુફલામ જળ અભિયાન હેઠળ શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ૫  હજારથી વધુ જળ સંરક્ષણ અને વરસાદી પાણીના સંગ્રહના માળખા લાગુ કરવામાં આવ્યાં છે. સાથોસાથ જળ સંરક્ષણના વિવિધ કાર્યક્રમો માટે

અંદાજે ૮૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું છે. 'જળ જીવન મિશન' અંતર્ગત રાજ્યના ૯૦ ટકા ગ્રામીણ ઘરોમાં ૩,૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે નળ જોડાણ આપવામાં આવ્યા છે. જ્યારે, વર્ષ ૨૦૨૫ સુધીમાં ૧૦૦ ટકા ઘરોમાં નળ જોડાણ આપવાનું લક્ષ્યાંક છે.

----------------------

## CM FEEDER BUS SERVICE - AHD

અમદાવાદમાં આજથી રાહદારીઓને ફીડર બસ સેવાનો નિઃશુલ્ક લાભ મળશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મહાનગર પરિવહન સેવા – AMTSની 2 બસને પ્રસ્થાન કરાવી આ સેવાનો પ્રારંભ કરાવ્યો હતો. સિંધુભવન રોડ, બહુસ્તરીય વાહન રાખવાના સ્થળથી થલતેજ મેટ્રો મથક, પકવાન ચાર રસ્તા, માનસી સર્કલ અને ટાઈમ્સ સ્ક્વેર સિંધુભવન માર્ગ સુધીના માર્ગ પર આ બસ સેવાનો લાભ લોકોને મળશે.

આ સિવાયના લોકો વ્યક્તિદીઠ 5 રૂપિયા ભાડું ચૂકવીને આ બસમાં પ્રવાસ કરી શકશે. દર 15 મિનિટના સમયાંતરે ફીડર બસ આવશે.

-------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત

પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

## Rashtriy Patra lekhan spardha

ટપાલ વિભાગ દ્વારા રાષ્ટ્રીય સ્તરની 'ઢાઈ આખર' પત્રલેખન સ્પર્ધા યોજાશે.

અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે આ અંગે માહિતી આપતા જણાવ્યું કે, આ પ્રતિયોગીતામાં 'લેખનનો આનંદ : ડિજિટલ યુગમાં પત્રોનું મહત્વ' વિષય પર સ્પર્ધકોએ તેમના વિચારોને વ્યક્ત કરતો એક પત્ર લખવાનો રહેશે, જેને મુખ્ય પોસ્ટમાસ્ટર જનરલ, ગુજરાત પરિમંડલ, અમદાવાદ-380001 ને સરનામે મોકલવાનો રહેશે. આ પ્રતિયોગીતામાં પસંદ કરવામાં આવેલા પત્રો માટે પાંચ હજારથી પચાસ હજાર રૂપિયાં સુધીના પુરસ્કાર આપવામાં આવશે. આ માટે વિવિધ શાળાઓ અને કોલેજો ટપાલ વિભાગ સાથે મળીને પોતાને ત્યાં આયોજન કરી શકે છે. આ પ્રતિયોગીતાની અંતિમ તારીખ 14 ડિસેમ્બર, 2024 છે.

આ 'ઢાઈ આખર' પત્ર લેખન પ્રતિયોગીતામાં કોઈપણ વયના લોકો ભાગ લઈ શકે છે. પત્ર આંતરદેશીય પત્ર અથવા પરબિડીયામાં જ માન્ય ગણાશે , જેમાં અનુક્રમે 500 અને 1હજાર શબ્દોમાં અંગ્રેજી, હિન્દી અથવા સ્થાનિક ભાષામાં હાથથી પત્ર લખી શકાય છે. પત્રમાં તમારું પૂર્ણ નામ, સરનામું, જન્મતારીખ, મોબાઇલ નંબર અને શાળાના નામ સાથે સંબંધિત પરિમંડલના મુખ્ય પોસ્ટમાસ્ટર જનરલના સરનામે 14 ડિસેમ્બર, 2024 સુધી મોકલવાનું રહેશે.

--------------------

## BHAVNAGAR SILVER MEDAL

રાજ્યના દિવ્યાંગ ખેલાડી ખોડાભાઈ જોગરાણાએ મુંબઈમાં રમાયેલી એશિયન પેરા-આર્મરેસલિંગ કપમાં રજત ચંદ્રક મેળવ્યો છે.

ભાવનગરના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, તાજેતરમાં મુંબઈ ખાતે રમાયેલી આ સ્પર્ધામાં ખોડાભાઈ જોગરાણાએ 70 કિલો પેરા સ્ટેન્ડિંગ શ્રેણીમાં રજત ચંદ્રક જીતી આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ભાવનગરમાં રહેતા અને મૂળ અમદાવાદમાં ધંધુકા તાલુકાના રાયગા ગામના વતની આ ખેલાડીએ વિપરિત પરિસ્થિતિમાં પણ પેરા-આર્મ રેસ્લિંગમાં રાજ્ય સ્તરે 2 વાર સુવર્ણ ચંદ્રક, પેરા પિસ્તોલ શૂટિંગ માટે ક્વૉલિફાઈ થયેલા વિવિધ પુરસ્કાર જીત્યા છે.

.................

## RAIN FORECAST

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી પાંચ દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની હવામાન વિભાગની આગાહી છે. તેમજ બંગાળની ખાડીમાં સર્જાયેલ ડિપ્રેશનની અસર રાજ્યમાં ખૂબ જ ઓછા પ્રમાણમાં રહેશે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણના જણાવ્યા મુજબ ,આગામી 24 કલાક દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં ગાજવીજ સાથે છુટા છવાયા હળવા વરસાદની શક્યતા છે અમદાવાદ સહિત

ગાંધીનગર અને આસપાસના જિલ્લાઓમાં વાદળછાયું વાતાવરણ રહેશે. દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

હાલ બંગાળની ખાડીમાં એક ડિપ્રેશન સર્જાયેલું છે, જે 24 કલાકમાં વાવાઝોડામાં પરિવર્તિત થઈ શકે છે જેને વાવાઝોડું દાના નામ આપવામાં આવ્યું છે. ત્યારબાદ 25 ઓક્ટોબરે ઓરિસ્સાના દરિયાકાંઠેથી જમીન ઉપર પ્રવેશ કરશે. આ વાવાઝોડાને કારણે રાજ્યમાં હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

-----------------------------------

## RAIN - DISTRICT

સુરેન્દ્રનગરના અમારાં પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે, શહેર જિલ્લાના વિવિધ જગ્યાએ હળવો વરસાદ નોંધાયો હતો. ચુડા તાલુકાના કોરડા ગામે એક મકાન ઉપર વીજળી પડતા 25 વર્ષના યુવાનનું મોત થયું હતું ગાજવીજ સાથે પડેલા વરસાદને કારણે અનેક વિસ્તારોમાં વીજપુરવઠો ખોરવાયો હતો.

રાજ્યમાં તાજેતરમાં કમોસમી વરસાદે ખેતીના પાકને નુકશાન કર્યું છે. ડાંગથી અમારાં પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે, જિલ્લામાં મુખ્યત્વે ચોમાસા દરમિયાન ડાંગર, નાગલી, વરી, અડદ જેવા પાકો લેવામાં આવે છે. આહવા, વઘઈ, સુબીર સહિત 311 ગામોમાં પાછોતરા વરસાદ પડવાના કારણે ડાંગરના પાકને ભારે નુકસાન થયું છે. જિલ્લામાં બપોરબાદથી મુશળધાર વરસાદ વરસી રહ્યો છે જેને લઈ ડાંગરનો ઊભો મોલ પડી જવાથી ખેડૂતોને નુકસાની થઈ છે.

કચ્છના લખપત તાલુકાના વડા મથક, ભચાઉમાં અડધો ઇંચ વરસાદ નોંધાયો માંડવી અને મુંદ્રામાં પણ વરસાદ વરસ્યો હતો.

-----------------------------------

## Amreli – CUB Rescue

અમરેલી જિલ્લાના ધારીના સરસીયા રેંજના ખીચા ગામે રાત્રી દરમિયાન ૩ સિંહ બાળ એક ઘરના ફળીયામાં પ્રવેશી ગયા હતા. આ અંગે ગ્રામજનોએ વન વિભાગને જાણ કરી હતી. વન વિભાગની ટીમે પાંજરા ગોઠવી ત્રણેય સિંહબાળનું રેસ્ક્યુ કર્યું હતું. તેમજ ડીસીએફની સુચનાથી સિંહણનું લોકેશન મેળવી રેવન્યુ વિસ્તારમાં સિંહણ બાળને પરિવાર સાથે મુક્ત કરવામાં આવ્યા હતા.

---------------------------